| GJKH030045812022 | | | | |
|---|---|---|---|---|
| | **દાખલ તારીખ** | :- | ૦૯ / ૧૨ / ૨૦૨૨ | |
| | **નોંધણી તારીખ** | :- | ૦૯ / ૧૨ / ૨૦૨૨ | |
| | **ફેંસલ તારીખ** | :- | ૦૧ / ૦૪ / ૨૦૨૬ | |
| | **અવધિ** | :- | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | | ૦૩ | ૦૩ | ૨૩ |

## જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,
## મુ. મહેમદાવાદ.
ન્યાય મંદિર, તા. મહેમદાવાદ, જી. ખેડા.

**આંક :**

| | | |
|---|---|---|
| **ચુકાદા તારીખ** | :- | ૦૧ / ૦૪ / ૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | :- | ૩૮૮૨ / ૨૦૨૨ |
| **ગુન્હો** | :- | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ |
| **પ્રથમ માહિતી અહેવાલ નંબર** | :- | ૦૦૪૧ / ૨૦૨૨, તા.: ૧૪ / ૦૧ / ૨૦૨૨ |
| **પોલીસ સ્ટેશન** | :- | મહેમદાવાદ પો.સ્ટે., જી. ખેડા |

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | :- | શ્રી સરકાર |
| **ફરિયાદ પક્ષે** | :- | વિ.એ.પી.પી.શ્રી કે.એ. સુથાર |
| | **વિરુદ્ધ** | |
| **આરોપી** | :- | **સલીમભાઈ ફકીરમહંમદ મન્સૂરી ,**<br>**રહે** : હલદરવાસ, હજીયાત વગો, તા. મહેમદાવાદ, જી. ખેડા. |

| | | |
|---|---|---|
| **આરોપી પક્ષે** | **:-** | વિ.વ.શ્રી સી.એચ. ત્રિવેદી |

| | | |
|---|---|---|
| **ગુન્હો બન્યા તારીખ** | **:-** | ૧૪ / ૦૧ / ૨૦૨૨ |
| **પ્રથમ માહિતી અહેવાલ તારીખ** | **:-** | ૧૪ / ૦૧ / ૨૦૨૨ |
| **ચાર્જશીટ રજૂ તારીખ** | **:-** | ૦૯ / ૧૨ / ૨૦૨૨ |
| **તહોમતનામું / નિવેદન લીધા તારીખ** | **:-** | ૨૪ / ૦૧ / ૨૦૨૩ |
| **પુરાવો નોંધવાની શરૂઆત તારીખ** | **:-** | ૧૯ / ૧૦ / ૨૦૨૩ |
| **ચુકાદા સારું રાખવાની તારીખ** | **:-** | ૦૧ / ૦૪ / ૨૦૨૬ |
| **ચુકાદા તારીખ** | **:-** | ૦૧ / ૦૪ / ૨૦૨૬ |
| **સજા અંગે હુકમ તારીખ, (લાગુ પડે તો)** | **:-** | ૦૧ / ૦૪ / ૨૦૨૬ |

## -:: આરોપીની વિગત ::-

| **અનુક્રમ નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડ થયા તારીખ** | **જામીન ઉપર મુક્ત થયા તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ / તકસીર – વાન** | **સજા** | **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ – ૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સલીમભાઈ ફકીરમહંમદ મન્સૂરી | ૧૬ / ૦૧ / ૨૦૨૨ | ૧૬ / ૦૧ / ૨૦૨૨ | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ | તકસીર –વાન | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ના ગુન્હા સબબ ૦૧ વર્ષની સાદી કેદની સજા તથા રૂ.૫૦૦૦/– ના દંડની સજા | – |

## -:: ફરિયાદ પક્ષે / આરોપી પક્ષે / ન્યાયાલયના સાક્ષીઓની યાદી ::-

**(અ) ફરિયાદ પક્ષે :-**

| **અનુક્રમ** | **વિગત** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૧ | જિતેન્દ્રકુમાર હિંમતસિંહ ચૌહાણ | ફરિયાદી |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૨ | ડો.મેઘાબેન કીર્તિકુમાર શાહ | તબીબ સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૩ | કિશોરકુમાર લાલસિંહ ચૌહાણ | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૪ | ચિરાગસિંહ ફતેસિંહ ચૌહાણ | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૫ | સતિષભાઈ ભગાભાઇ ચૌહાણ | પંચ સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૬ | અરવિંદભાઈ પ્રભાતસિંહ ચૌહાણ | પંચ સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૭ | પંકજભાઈ બાલાભાઈ ચૌહાણ | પંચ સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૮ | ધર્મેન્દ્રસિંહ ભગવતસિંહ રાઓલ | તપાસ કરનાર અમલદાર |

## -:: ફરિયાદ પક્ષે / આરોપી પક્ષે / ન્યાયાલયના આંકની યાદી ::-

**(અ) ફરિયાદ પક્ષે મૌખિક પુરાવો :-**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| (૧) | આંક ફ. ૧૨ / ફ. સા.: ૦૧ | જિતેન્દ્રકુમાર હિંમતસિંહ ચૌહાણનાઓની જુબાની |
| (૨) | આંક ફ. ૧૫ / ફ. સા.: ૦૨ | ડો.મેઘાબેન કીર્તિકુમાર શાહનાઓની જુબાની |
| (૩) | આંક ફ. ૧૮ / ફ. સા.: ૦૩ | કિશોરકુમાર લાલસિંહ ચૌહાણનાઓની જુબાની |
| (૪) | આંક ફ. ૧૯ / ફ. સા.: ૦૪ | ચિરાગસિંહ ફતેસિંહ ચૌહાણનાઓની જુબાની |
| (૫) | આંક ફ. ૨૦ / ફ. સા.: ૦૫ | સતિષભાઈ ભગાભાઇ ચૌહાણનાઓની જુબાની |
| (૬) | આંક ફ. ૨૮ / ફ. સા.: ૦૬ | અરવિંદભાઈ પ્રભાતસિંહ ચૌહાણનાઓની જુબાની |
| (૭) | આંક ફ. ૨૯ / ફ. સા.: ૦૭ | પંકજભાઈ બાલાભાઈ ચૌહાણનાઓની જુબાની |
| (૮) | આંક ફ. ૩૧ / ફ. સા.: ૦૮ | ધર્મેન્દ્રસિંહ ભગવતસિંહ રાઓલનાઓની જુબાની |

**(બ) ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવો :-**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| (૧) | આંક ફ. ૧૩ | ફરિયાદ |
| (૨) | આંક ફ. ૧૬ | મહેમદાવાદ પો.સ.ઇ.ની યાદી |
| (૩) | આંક ફ. ૧૭ | પોસ્ટ મોર્ટમ રિપોર્ટ |
| (૪) | આંક ફ. ૨૧ | ઇન્કવેસ્ટ પંચનામું |
| (૫) | આંક ફ. ૩૦ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ |
| (૬) | આંક ફ. ૩૨ | સુચિપત્ર |
| (૭) | આંક ફ. ૩૩ | પરીક્ષણ અહેવાલ |
| (૮) | આંક ફ. ૩૪ | અકસ્માત રિપોર્ટ ફોર્મ |

## -:: ચુકાદો ::-

## (૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :-

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, સદર કામનાં આરોપીએ તા.: ૧૪ / ૦૧ / ૨૦૨૨નારોજ કલાક ૧૯ : ૪૫ વાગ્યે મોજે મોદજ દાજીપુરા પાટિયા નજીક રોડ ઉપર પોતે પોતાની ઇકો ગાડી નં.: જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ની બેફિકરાઈ અને પુરઝડપે ગફલતભરી રીતે ચલાવી રોડની સાઈડમાં ચાલતા જતા ફરિયાદીના સાહેદ પ્રકાશકુમાર ઉર્ફે ભોલો રઇજીભાઈ ચૌહાણનાઓને અડફટેમાં લઈ અકસ્માત કરી રોડ ઉપર પાડી દઈ જમણા પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મૃત્યુ નીપજાવી **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ.

## (૨) પોલીસ તપાસ :-

સદરહું કામે આરોપી વિરૂદ્ધ મહેમદાવાદ પો.સ્ટે.,પ્રથમ માહિતી અહેવાલ નંબર : ૦૦૪૧ / ૨૦૨૨, તા.: ૧૪ / ૦૧ / ૨૦૨૨ થી ગુન્હો નોંધતા, તપાસ કરનાર અમલદારે સદર ગુન્હાઓ અંગેની તપાસ હાથ ધરેલ તેમજ **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – ૧૬૧** અન્વયે ગુન્હાઓથી માહિતગાર સાહેદોના નિવેદનો નોંધી, પંચનામું કરી, આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો ઉપલબ્ધ હોઈ, અત્રેની અદાલતમાં **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગે **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – ૧૭૩ (૨)** મુજબનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

## (૩) ન્યાયિક કાર્યવાહી :-

સદરહું કામે આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ રજૂ થતાં **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૯૦ (બી)** મુજબ આરોપી વિરૂદ્ધ આક્ષેપિત ગુન્હાઓનું સંજ્ઞાન લઈ, **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – ૨૦૪** અન્વયે પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવતા, આરોપી તેઓના વિ. વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ. આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૨૦૭** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યાની ખાત્રી કર્યા બાદ ઉપરોક્ત ગુન્હાઓ અન્વયે સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, સદર ગુન્હાઓ **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ – ૨ (મ)** મુજબ સમન્સ ટ્રાયબલ હોઈ, સદરહું અધિનિયમના **પ્રકરણ – ૨૦**ની **કલમ – કલમ – ૨૫૧** મુજબ **આંક – ૦૩**થી આરોપીને આક્ષેપીત ગુન્હાઓ સબબ સાર જણાવી, નિવેદન નોંધવામાં આવતાં, આરોપીએ ગુન્હો કબૂલ ન હોવાનું જણાવેલ, જેથી સદરહું અધિનિયમની **કલમ – ૨૫૪** મુજબ આરોપી વિરૂદ્ધ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધી ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## (૪) પુરાવાઓ તેમજ દલીલો :-

**(૪.૧)** ફરિયાદ પક્ષના કેસની પરિસ્થિતિ, હકીકતો, વિગતો તથા સંજોગોને લક્ષમાં લેતા ફરિયાદ પક્ષે મહત્વના સાક્ષીઓ તપાસ્યા બાદ ફરિયાદપક્ષે મૌખિક વિનંતીથી પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરતાં, ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૪.૨)** સદરહું કામે ફરિયાદપક્ષે મૌખિક વિનંતીથી પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરેલ છે. સદરહું કામે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતાં, સદર કામે આરોપીનું **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – ૩૧૩** અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા, સદર કામનાં આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપી જણાવેલ કે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત તમામ પુરાવાઓ મારી સમક્ષ અથવા મારા દ્વારા નિમાયેલ વકીલશ્રી સમક્ષ નોંધવામાં આવેલ છે, તે સિવાય બાકી તમામ સવાલોના જવાબ નકારમાં આપી, ફરિયાદ પક્ષના કેસની હકીકતોનો ઇનકાર કરી, તેઓ નિર્દોષ હોય અને તેઓની સામે ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે.

**(૪.૩)** ત્યારબાદ, સદરહું કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એ.સુથારનાઓએ તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી સી.એચ. ત્રિવેદીનાઓની દલીલો સાંભળવામાં આવેલ.

### (૪.૩.૧) ફરિયાદ પક્ષે દલીલો :-

**(૪.૩.૧.૧)** સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ફરિયાદી તેઓના પુરાવામાં સ્પષ્ટપણે જણાવે છે કે, ફરિયાદપક્ષના કેસને રજૂ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી સમર્થન પ્રાપ્ત થયેલ છે, તે સંજોગોમાં ફરિયાદ પક્ષ તેઓનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવામાં સફળ રહેલ હોય, આરોપીઓને હાલના ગુન્હાના કામે સજા કરી યોગ્ય હુકમ થવા વિનંતી કરેલ છે.

**(૪.૩.૨) આરોપી પક્ષે દલીલો :-**

**(૪.૩.૨.૧)** આરોપી તરફે વિ.વ.શ્રી સી.એચ. ત્રિવેદીનાઓ દ્વારા **આંક – ૪૪**થી લેખિત દલીલો રજૂ કરી, મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, ફરિયાદીની જુબાનીમાં અકસ્માત બાદ ગાડી પચાસ ફૂટ દૂર જઈને ઉભી રહેલાનું અને મરણ જનાર પ્રકાશભાઈ ગાડી નીચે ભરાઈ ગયેલું હતો તેમ જણાવેલ છે જ્યારે તેઓની ફરિયાદમાં આ સાધનવાળો અકસ્માત થતાં ત્યાં ઊભો રહી ગયેલો તેમ જણાવેલ છે, તેમજ ફરિયાદીએ તેઓની સરતપાસમાં જણાવેલ કે તેઓ બંને જણા રસ્તાની કાચી પટ્ટી આવે ત્યાં ચાલીને જતા હતા, જ્યારે ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓનો ભાઈ આગળ ચાલતો હતો અને તેઓ પાછળ ચાલતા હતા અને તેઓને સવાલ પૂછતા તેઓ વચ્ચે દસ મીટરનું અંતર હતું તેમ જણાવેલ છે. તદુપરાંત, ફરિયાદીને પોલીસ રૂબરૂની ફરિયાદ બતાવવામાં આવતાં તેઓએ જણાવેલ છે કે, ફરિયાદમાં પ્રકાશકુમાર પચાસ ફૂટ ઘસડાયેલા તેવું લખાવેલ નથી, અને સ્વેચ્છાએ જણાવેલ છે કે, અકસ્માતવાળી ગાડી પચાસ ફૂટ દૂર જઈને ઉભી રહેલી તેવું લખાવેલ છે. આમ, ફરિયાદીની ફરિયાદ અને તેઓની સરતપાસમાં વિસંગતતાઓ જણાઈ આવતી હોય, સદર સાહેદની જુબાની સંપૂર્ણરીતે સમર્થનકારક ગણી શકાય નહિ. વધુમાં, તબીબી સાહેદ ડો. મેઘાબેનને આંક – ૧૫થી તપાસવામાં આવેલ છે કે જેઓ મહેમદાવાદ સી.એચ.સી. ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓએ કરેલ પી.એમ.બાબતે તેઓએ જુબાની આપેલ છે. સદર સાહેદે તેઓની ઉલટતપાસ દરમ્યાન તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, લાશના કપડાં ઉપર કોઈ માટીના ડાઘ જણાઈ આવેલ નહિ તેમજ તે વાત તેઓને યાદ નથી કે લાશ પરના કપડા ફાટેલા હતા કે કેમ. તેઓએ તે હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, લાશ પર કોઈ ઉઝરડા ન હતા. વધુમાં, ફરિયાદપક્ષે સાહેદ કિશોરકુમાર લાલસિંહ ચૌહાણનાઓને તપાસવામાં આવેલ છે કે જેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા તેઓની સરતપાસમાં વિસંગતતાઓ જણાઈ આવે છે. આંક – ૧૯થી ચિરાગભાઈ ફતેસિંહ ચૌહાણનાઓને તપાસતા તેઓએ તેઓની ઉલટતપાસ દરમ્યાન સ્વીકારેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલી નથી. આંક – ૨૦થી ઇન્કવેસ્ટ પંચનામાના પંચ સતિષભાઈને તપાસતા તેઓ હોસ્ટાઇલ થયેલ છે અને ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. આંક – ૨૮થી અરવિંદભાઈ પ્રભાતસિંહ ચૌહાણનાઓને તપાસવામાં આવતા, આંક – ૨૧ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવી જણાવેલ છે કે, પંચનામામાં તેઓની સહી પી.એમ. કર્યા પછી લીધેલી, આમ, સદર પંચનામુ શરૂઆતથી જ રદબાતલ ગણી શકાય. આંક – ૨૯થી ફરિયાદ પક્ષે ગુન્હાવાળી જગ્યાના પંચ પંકજભાઈ બલાભાઈ ચૌહાણની જુબાની ધ્યાને લેતાં વાહનની સ્થિતિ બાબતે કોઈ સ્પષ્ટતા નથી અને પંચનામાને સ્પષ્ટ રીતે સમર્થન આપી શકેલ નથી. વધુમાં, ત.ક.અમલદાર તેઓની ઉલટતપાસ દરમ્યાન સ્વીકારે છે કે, ફરિયાદી સિવાય સદર કામે બનાવ જોનાર કોઈ સાહેદ નથી. વધુમાં, ત.ક.અમલદાર દ્વારા ગુન્હાવાળી જગ્યાનો કોઈ નકશો પણ અદાલતમાં રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં, રજૂઆત કરેલ છે કે, સમગ્ર ફરિયાદ ધ્યાને લેતાં, અમારું વાહન ફૂલ સ્પીડમાં કે બેફિકરાઈથી ગફલતભરી રીતે ચલાવી અકસ્માત સર્જ્યો હોય તેવો કોઈ આક્ષેપ ફરિયાદમાં નથી અને આરોપીની બેદરકારીથી અકસ્માત થયેલ હોય તેવો કોઈ જ પુરાવો ફરિયાદપક્ષ નામદાર અદાલતમાં રજૂ કરી શકેલ નથી. આમ, ફરિયાદી પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ હોય, આરોપીઓને નિર્દોષ છોડી મૂકવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

## (૫) મુદ્દાઓ :-

હાલના કેસ અંગે વિચારવામાં આવે તો આરોપીઓ સામે ફરિયાદ પક્ષે **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે તે હકીકતો અને સદર ગુન્હાઓનું સ્વરૂપ જોતા ફરિયાદ પક્ષ માટે નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ નિ: શંકપણે પુરવાર કરવા મહત્વના બને.

| **ક્રમાંક** | **મુદ્દા** |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.: ૧૪ / ૦૧ / ૨૦૨૨નારોજ કલાક ૧૯ : ૪૫ વાગ્યે મોજે મોદજ દાજીપુરા પાટિયા નજીક રોડ ઉપર પોતે પોતાની ઇકો ગાડી નં.: જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ની બેફિકરાઈ અને પુરઝડપે ગફલતભરી રીતે ચલાવી રોડની સાઈડમાં ચાલતા જતા ફરિયાદીના સાહેદ પ્રકાશકુમાર ઉર્ફે ભોલો રઇજીભાઈ ચૌહાણનાઓને અડફટેમાં લઈ અકસ્માત કરી રોડ ઉપર પાડી દઈ જમણા પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મૃત્યુ નીપજાવી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ? |
| (૨) | શું હુકમ ? |

## (૬) મુદ્દા પરત્વેના નિર્ણય :-

ઉપરોક્ત જણાવ્યા અનુસાર મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવ્યા મુજબના છે.

| **મુદ્દા ક્રમાંક** | **નિર્ણય** |
|---|---|
| (૧) | હકારમાં |
| (૨) | આખરી હુકમ મુજબ |

## (૭) કાયદાકીય જોગવાઈ, પુરાવાઓનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :-

**(૭.૧)** સદરહું કામના આરોપી વિરૂદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી બને, જે નીચે મુજબ છે :

- ફોજદારી કાર્યરીતિમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે તેમજ ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ રહે છે. કાયદાથી એ પણ સ્થાપિત છે કે, જો ફરિયાદ પક્ષના કેસ અંગે, કેસના મૂળ સુધી જાય તે રીતની મહત્વની શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપી પક્ષને આપવો જોઈએ; જો કે તેનો હેતુ એવો નથી કે આરોપી પક્ષને કોઈ પણ રીતે લાભ મળે તે હેતુથી ફરિયાદ પક્ષના પુરાવા અંગે ગેરવ્યાજબી શંકા ઉભી કરવી. કાયદાથી એ પણ સ્થાપિત છે કે ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવામાં આવતા કેટલાક તુચ્છ વિરોધાભાષને વધુ પડતું મહત્વ ન આપવું જોઈએ અને ફરિયાદ પક્ષના પુરાવાનું આક્ષેપીત ગુન્હાની કાયદાકીય જોગવાઈ તથા કાનૂની સ્થિતિના સંદર્ભમાં મૂલ્યાંકન કરવું જોઈએ.

- નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Rabindra Kumar Dey v. State of Orissa (AIR 1977 SC 170)**ના ચુકાદામાં ત્રણ સિદ્ધાંતો પુનરાવર્તિત કરેલ છે, **"(૧) કેસને યોગ્ય શંકાથી પર સાબિત**

**કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર જ રહે છે અને તે બચાવ પક્ષની નબળાઈ અથવા ખોટમાંથી કોઈ લાભ લઈ શકે નહિ; (૨) ફોજદારી કાર્યરીતિમાં જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ રહે છે; અને (૩) ફરિયાદ પક્ષ ઉપર રહેલો પુરાવાનો બોજો ક્યારેય બદલાતો નથી."**

- નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **State of Uttar Pradesh v. Krishna Gopal( (1988) 4 SCC 302)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, **"કોઈ વ્યક્તિને તેવા ગુનામાં દોષિત ઠેરવવામાં ન આવે જ્યાં સુધી પુરાવાના માપદંડ મુજબ તેનો દોષ સ્થાપિત ન થાય; આ તેનો મહત્વનો હક છે. આ ધોરણ ઊંચું છે, પરંતુ એકદમ નક્કી માપદંડ નથી; 'પુરાવો' કેટલો પૂરતો ગણાય તે દરેક કેસની પરિસ્થિતિ પર આધાર રાખે છે." આ સ્થાપિત કાનૂની સ્થિતિના પરિઘમાં હાલના કેસમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું આવશ્યક બને છે.**

**(૭.૨)** સદર કામે આરોપી વિરૂદ્ધ **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ - ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ - ૧૭૭, ૧૮૪** અન્વયે ગુન્હો નોંધાયેલ છે, ત્યારે સદરહું ગુન્હા અંગેની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,

- **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ :-**

**૨૭૯ - સરિયામ રસ્તા ઉપર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત :-**
"જે કોઈ વ્યક્તિ, માણસોની જીંદગી જોખમમાં મુકાય, અથવા અન્ય વ્યક્તિને વ્યથા, કે હાની થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરિયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહિના સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે."

**૩૦૪ (અ) - બેદરકારીથી મૃત્યુ નિપજાવવા બાબત :-**
"કોઈ વ્યક્તિ, ગુન્હાઇત મનુષ્યવધ ન ગણાય એવું બેફામ રીતે કરેલું કે બેદરકારીભર્યું કોઈ કૃત્ય કરીને કોઈ વ્યક્તિનું મૃત્યુ નીપજાવે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે."

- **મોટર વાહન અધિનિયમની કલમ :-**

**૧૭૭. ગુનાઓની સજા માટેની સામાન્ય જોગવાઈ -**
"જે કોઈ આ અધિનયમની કોઈપણ જોગવાઈ અથવા તેના હેઠળ બનાવેલ કોઈપણ નિયમ, નિયમન અથવા સૂચનાનું ઉલ્લંઘન કરે છે. જો ગુના માટે કોઈ દંડની જોગવાઈ કરવામાં આવી નથી, તો તે પ્રથમ ગુના માટે દંડ સાથે શિક્ષાને પાત્ર રહેશે જે એક સુધી લંબાઈ શકે છે. સો રૂપિયા, અને કોઈપણ બીજા કે પછીના ગુના માટે દંડ સાથે જે ત્રણસો રૂપિયા સુધીનો હોઈ શકે છે."

**૧૮૪. ખતરનાક રીતે વાહન ચલાવવું -**
"જે કોઈ પણ વ્યક્તિ વાહન ચલાવે છે તે સ્થળની પ્રકૃતિ, સ્થિત અને ઉપયોગ સહિત કેસના તમામ સંજોગોને ધ્યાનમાં રાખીને, તે ઝડપે અથવા એવી રીતે જે લોકો માટે જોખમી હોય તેવી રીતે મોટર

વાહન ચલાવે છે અને વાસ્તવમાં જેટલો ટ્રફિક તે સમયે હોય અથવા જે વાજબી રીતે તે જગ્યાએ હોવાની અપેક્ષા હોય, તે પ્રથમ ગુના માટે શિક્ષાને પાત્ર થશે જેની સજા છ મહીના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે, અને કોઈપણ બીજા કે પછીના ગુના માટે જો અગાઉના સમાન ગુનો કર્યાના ત્રણ વર્ષની અંદર કરવામાં આવે તો બે વર્ષ સુધીની કેદની સજા અથવા બે હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને સાથે."

**(૭.૩)** આથી, જ્યારે હાલના કામે આરોપી સામે **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે ત્યારે ફરિયાદ પક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે.

**૧.** અકસ્માત સમયે વાહન ચાલક હાલના આરોપી જ હતા.
**૨.** અકસ્માત આરોપી વાહન પૂરઝડપે, ગફલતભરી રીતે અથવા બેદરકારી પૂર્વક મનુષ્ય જીવન જોખમાય તે રીતે હંકારી હોવાના કારણે થયેલ.
**૩.** આરોપીના ઉતાવળ અથવા બેદરકારી પૂર્વક અને ગફલતભરી રીતે ગુન્હાઇત કહી શકાય તે હદે સ્પિડથી ચલાવતા હતા અને કેવળ તેમની કસુરના કારણે મનુષ્ય જીવન જોખમાય અથવા વ્યક્તિગત કે અન્યની સુરક્ષા જોખમાય તેવા કૃત્યના લીધે કોઈ વ્યક્તિને ઇજા પહોંચેલ.
**૪.** વ્યક્તિનું મૃત્યુ આરોપીના બેદરકારીપૂર્ણ અથવા નિષ્કાળજીપૂર્ણ કૃત્યના લીધે થયેલું હોવું જોઈએ, જોકે તે સાપરાધ મનુષ્યવધના સમકક્ષ ન હોય.

**(૭.૩.૧)** આ તબક્કે નામદાર દિલ્લીની વડી અદાલત દ્વારા **Jaspriya Bhasin vs The State (Nct Of Delhi) & Ors**ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેતાં, તેમાં ઠરાવવામાં આવેલ છે કે,

> **"16. In the present case, the petitioner is accused of committing offence under Sections 279 and 304A IPC. In order to constitute an offence punishable under Section 279 IPC, the following ingredients must be made out:-**
>
> **(i) there must be rash or negligent driving or riding;**
> **(ii) it must be on a public way; &**
> **(iii) the driving or riding must be in a manner so rash or negligent so as to endanger human life or to be likely to cause hurt or injury to any person other than the driver.**
>
> **17. Similarly, to constitute an offence punishable under Section 304A IPC, it is necessary that the element of 'rash or negligent act' is established. In addition-**
>
> **(i) there must be death of the person in question;**
> **(ii) the accused must have caused such death; and**

**(iii) the act of the accused must have been rash or negligent, though not amounting to culpable homicide."**

**(૭.૩.૧.૧)** આમ, ઉપરોક્ત સિધ્ધાંતો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષે આરોપી વિરૂદ્ધ આક્ષેપિત તહોમત પુરવાર કરવા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાઓનું મૂલ્યાંકન હાથ ધરવું ઘટે, જેથી સદર કામે પડેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૭.૪)** હાલના કેસમાં આરોપી સામે પોતાના હવાલાવાળી ઇકો ગાડી નં.: જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ બેફામ અને બેદરકારીપૂર્વક ચલાવી ફરિયાદીની સાથે ચાલીને જતા ગુજરનાર પ્રકાશકુમાર ઉર્ફે ભોલો રઇજીભાઈ ચૌહાણનાઓને અડફેટમાં લઈ અકસ્માત કરી જમણા પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મૃત્યુ નિપજાવી ગુન્હો કર્યાનો આક્ષેપ છે. સદર કામે આંક – ૦૧થી રજૂ ચાર્જશીટ જોતાં, ફરિયાદી કે જેઓ બનાવ નજરે જોનાર સાહેદ જણાય આવે છે તેમજ સાહેદ ચિરાગભાઈ ફતેસિંહ ચૌહાણ તથા કિશોરકુમાર રમેશભાઈ ચૌહાણ કે જેઓ બંને ફરિયાદીની સાથે ઈજા પામનાર પ્રકાશકુમાર ઉર્ફે ભોલો રઇજીભાઈ ચૌહાણનાઓને લઈને હોસ્પિટલ ગયેલ, જેઓ સદર બનાવના મહત્વના સાહેદો છે ત્યારે તેઓના પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન મહત્વનું બને છે.

**(૭.૫)** ફરિયાદીની જુબાનીને જોતા પહેલા ફરિયાદીની ફરિયાદમાં શું કથન છે તે જોવું આવશ્યક બને છે. જેથી ફરિયાદ પક્ષે **આંક – ૧૩**થી લેખિત ફરિયાદ રજૂ કરેલ છે. આ ફરિયાદ જોતા એવું જણાય છે કે, તા.: ૧૪ / ૦૧ / ૨૦૨૨નારોજ ફરિયાદી તેઓના ઘરે હતા તે વખતે તેઓના કાકાના દીકરા પ્રકાશકુમાર ઉર્ફે ભોલો રઇજીભાઈ ચૌહાણનાઓ ફરિયાદીની પાસે આવેલા અને તેઓને દાજીપુરા પાટિયા પાસે કામ હોવાથી તેઓની સાથે ફરિયાદીને જવાનું જવા જણાવતા, તેઓ બંને જણા ફરિયાદીના ઘરેથી ચાલતા ચાલતા દાજીપુરા પાટિયા જવા માટે નીકળેલા અને તેઓ રસ્તાની સાઈડમાં ચાલતા ચાલતા જતા હોય અને ઘરેથી થોડે દૂર જતા હતા તે દરમ્યાન સાંજના પોણા આઠેક વાગ્યાના સુમારે તેઓની પાછળ આવતી એક ફોરવ્હીલર સાધનવાળાએ ફરિયાદીના કાકાના દીકરા પ્રકાશકુમારનાઓને અડફેટમાં લઈ અકસ્માત કરી રોડ ઉપર પાડી દીધી અને આ સાધનવાળો અકસ્માત થતા ત્યાં ઉભો રહી ગયેલો અને ફરિયાદીએ જોયેલ તો તેઓના કાકાના દીકરા પ્રકાશકુમારનાઓ અકસ્માત કરનાર વાહનની નીચે આવી ગયેલ હતા અને અકસ્માત કરનાર વાહન જોતા ઈકો ગાડી હતી અને ફરિયાદીએ મોબાઈલનું અજવાળું કરી આ ઈકો ગાડીનો નંબર જોયેલ તો જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ હતો. અકસ્માતનો અવાજ સાંભળી આજુબાજુમાંથી તેમજ તેઓના કુટુંબના માણસો દોડતા આવી જતા ફરિયાદીના કાકાના દીકરાને ઇકો ગાડીના નીચેથી બહાર કાઢેલો અને તેઓએ જોયેલ તો તેને માથાના ભાગે ગંભીર ઇજાઓ થયેલ હતી અને પુષ્કળ પ્રમાણમાં લોહી નીકળવા લાગેલ હતું અને તેને જમણા પગે પણ ઇજાઓ થયેલ હતી અને તે બેભાન થઈ ગયેલ હતો. તે પછી તેઓએ ૧૦૮ ગાડીવાળાને ફોન કરતા તે તાત્કાલિક આવી શકેલ ન હોય, તેથી તેઓ તેઓના કાકાના દીકરાને લઈ તથા તેઓના પાડોશી ચિરાગભાઈ ફતેસિંહ ચૌહાણ તથા કિશોરકુમાર રમેશભાઈ ચૌહાણનાઓ સાથે પ્રાઇવેટ વાહનમાં મહેમદાવાદ દવાખાને લઈ આવવા નીકળેલા અને નેનપુર ચોકડી નજીક આવતા ૧૦૮ ગાડી સામે મળતા ઉભી રખાવી આ ફરિયાદીના કાકાના દીકરાને ૧૦૮ ગાડીમાં લઈ મહેમદાવાદ ખાત્રજ ચોકડી પાસે આવેલ વેદ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવેલ, જ્યાં ડોક્ટરશ્રીએ જોઈ તપાસી મરણ ગયેલાનું જાહેર કરતા, ફરિયાદીના કાકાના દીકરાની લાશને તેઓ બધા મહેમદાવાદ સી.એચ.સી હોસ્પિટલમાં લાવેલા. આ બાબતે ફરિયાદીએ ઇકો ગાડીના ચાલક વિરુદ્ધ કાયદેસર તપાસ થવા ફરિયાદ આપેલી.

**(૭.૬)** ફરિયાદ પક્ષે **સાહેદ નં.: ૦૧, ફરિયાદી, જિતેન્દ્રકુમાર હિંમતસિંહ ચૌહાણ**નાઓને **આંક – ૧૨**થી તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો એવું જણાય છે કે ફરિયાદી પોતે વકીલ છે. તેઓએ

તેઓના પુરાવામાં જણાવેલ છે કે, તા.: ૧૪ / ૦૧ / ૨૦૨૨નારોજ આ કામના મરણ જનાર પ્રકાશકુમાર ઉર્ફે ભોલો રઇજીભાઈ ચૌહાણ તથા તેઓ બંને જણા નેનપુર ચોકડીથી હલદરવાસ જતા રસ્તા ઉપર ચાલતા ચાલતા દાજીપુરા પાટિયા તરફ ચાલવા જવા નીકળેલા, તે સમયે તેઓની પાછળથી આવતી એક ગાડી મરણ જનાર પ્રકાશકુમાર ઉર્ફે ભોલો રઇજીભાઈ ચૌહાણનાઓની સાથે અથડાયેલ અને મરણ જનારને રસ્તા ઉપર પાડી દઈ આશરે પચાસેક ફૂટ દૂર જઈને ઉભી રહેલી, જે ગાડીની નીચે આ કામના મરણ જનાર ભરાઈ ગયેલા હતા અને અકસ્માતનો અવાજ સાંભળી નજીકમાંથી તેઓના કુટુંબના માણસો તથા અન્ય લોકો આવી ગયેલા અને તે સમયે આ ગાડીનો ચાલક પણ નીચે ઉતરેલો અને બધાએ ભેગા થઈ ગાડી ઊંચકી તેની નીચેથી પ્રકાશભાઈને ઇજા પામેલ હાલતમાં બહાર કાઢેલ, જેઓ બેભાન હતા અને માથામાંથી પુષ્કળ લોહી નીકળતું હતું. આથી તેઓ તથા તેઓના પાડોશી ચિરાગભાઈ ફતેસિંહ ચૌહાણ તથા કિશોરકુમાર રમેશભાઈ ચૌહાણનાઓ ખાનગી વાહનમાં ઇજા પામનારને મહેમદાવાદ દવાખાને લઈ જતા હતા તે દરમિયાન રસ્તામાં તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ રસ્તામાં મળતા તેઓ ઇજા પામનારને વેદ હોસ્પિટલ લઈ ગયેલા, જ્યાં તેઓને મૃત જાહેર કરેલા અને ત્યારબાદ, લાશના પોસ્ટ મોર્ટમ માટે મહેમદાવાદ સરકારી દવાખાને લાવેલા. તેમણે અકસ્માત કરનાર ગાડીનો નંબર જે તે સમયે મોબાઈલની લાઈટ કરી જોતાં, તે જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ હોવાનું જણાવી, કોર્ટ રૂબરૂ કોર્ટમાં હાજર આરોપી જ તે કારના ચાલક હતા તેવું સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે. તેઓએ એવું પણ જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ તથા મરણ જનાર બંને જણા રસ્તાની સાઈડમાં કાચી પટ્ટી ઉપર ચાલીને જતા હતા. વધુમાં, તેમના જણાવ્યા મુજબ બનાવનાર બીજા દિવસે પોલીસે તેમને અકસ્માત વાળી જગ્યા બતાવવા બોલાવવામાં આવેલ, જ્યાં સ્થાનિક જગ્યાનું પંચનામું કરવામાં આવેલું અને તે સમયે પંચ તરીકે પંકજભાઈ બાલાભાઈ ચૌહાણ અને અલ્પેશભાઈ બુધાભાઈ હતા.

**(૭.૬.૧)** આરોપી પક્ષે સદર સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. સદરહું ઉલટતપાસ જોતા એવું રેકર્ડ પર આવે છે કે, બનાવ વાળો રસ્તો નેનપુર ચોકડી થી હલદરવાસ તરફ જતો રસ્તો છે, જેની ઉપર નાના થતા મોટા વાહનોની અવરજવર રહે છે. સાહેદે એવું પણ સ્વીકારેલ છે કે, આ રસ્તો હાઇવે નથી. વધુમાં એવું રેકર્ડ પર આવે છે કે, બનાવ સમયે ફરિયાદી અને ભોગ બનનાર બંને આગળ પાછળ ચાલતા હતા, જેમાં મરણ જનાર આગળ ચાલતા હતા અને ફરિયાદી તેમની પાછળ આશરે દસેક મીટર દૂર ચાલતા હતા. આ સાહેદે બચાવપક્ષના એ સૂચનનો ઇનકાર કરેલ છે કે, તેઓ ચાલીને જતા હતા તે સમયે સામેથી આવતા વાહનના ફૂલ લાઈટના કારણે અકસ્માત થયેલો. તેઓએ એવું પણ સ્વીકારેલ છે કે, આ કામે સ્થાનિક જગ્યાના પંચનામાના પંચો તેઓના ગામના હોય તેઓને સારી રીતે ઓળખે છે. આ સાહેદે વધુમાં એવું જણાવેલ છે કે, તેઓની ફરિયાદમાં તેઓએ એવું લખાવેલ નથી કે મરણ પામનાર પ્રકાશકુમાર પચાસ ફૂટ ઘસડાયેલા બલ્કે તેમના જણાવ્યા મુજબ તેમણે ફરિયાદમાં એવું લખાવેલ કે અકસ્માત વાળી ગાડી પચાસ ફૂટ દૂર જઈને ઊભી રહેલી.

**(૭.૬.૨)** અત્રે એ નોંધવું જરૂરી માનું છું કે, આ સાહેદ સદરહું બનાવના એકમાત્ર નજરે જોનાર સાહેદ છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ અદાલતોએ પુરાવામાં સાહેદોની સંખ્યા નહિ, પરંતુ પુરાવાની ગુણવત્તા અને વિશ્વસનીયતા ઉપર જ આધાર રાખવો જોઈએ. આ સંજોગોમાં બનાવ સંબંધે એકમાત્ર સાહેદ (solitary witness)નો પુરાવો પણ જો તે ભરોસાપાત્ર અને વિશ્વસનીય હોય તો તે માનવાલાયક બને છે. બીજા શબ્દોમાં એકમાત્ર સાહેદ (solitary witness)નો પુરાવો પણ જો અદાલતને ભરોસાપાત્ર, ખાત્રીદાયક અને વિશ્વસનીય જણાય તો તેને અન્ય સાહેદોનું સમર્થન નથી તેવા એકમાત્ર કારણસર ખસેડી દઈ શકાય નહિ. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Jagdish Versus State Of Haryana, 2019 (0) AIJEL-SC 64573**ના ચુકાદામાં એવું પણ ઠરાવેલ છે કે, "Conviction on the basis of a solitary eye witness is undoubtedly sustainable if there is reliable evidence cogent and convincing in nature along with surrounding circumstances." આમ, એકમાત્ર નજરે જોનાર સાહેદનો

પુરાવો પણ જો અદાલતને ભરોસાપાત્ર, ખાત્રીદાયક અને વિશ્વસનીય જણાય તો તેને અન્ય સાહેદોનું સમર્થન નથી તે આરોપીને નિર્દોષ છોડવાનું એકમાત્ર કારણ બને નહિ. એક પાયાનો સિદ્ધાંત છે કે આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો હંમેશા ફરિયાદપક્ષની ઉપર રહે છે અને ફરિયાદપક્ષ આરોપીના બચાવની નબળાઈઓ ઉપર આધાર રાખી શકે નહીં. ઉપરોક્ત સ્થાપિત કાનૂની સ્થિતિના સંદર્ભમાં ફરિયાદી એકમાત્ર નજરે જોનાર સાહેદ છે, કે જેઓ ખુદ આ કામના ફરિયાદી છે. ફરિયાદીના સમગ્ર પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર જણાય છે. આ સાહેદનો પુરાવાથી એ પણ સ્પષ્ટ થાય છે કે, બનાવ સમયે તેઓ તથા ભોગ બનનાર બનાવવાળા રસ્તાની સાઈડ ઉપર કાચા ભાગે એકબીજાની આગળ પાછળ ચાલતા જતા હતા અને તેઓ વચ્ચે આશરે દસ મીટરનું અંતર હતું. એવું પણ રેકર્ડ ઉપર આવે છે કે, બનાવવાળી ગાડી પાછળથી આવીને મરણ જનાર પ્રકાશભાઈ સાથે અથડાયેલ અને પ્રકાશભાઈ તે ગાડીની નીચે આવી ગયા બાદ તે ગાડી આશરે પચાસ ફૂટ દૂર જઈને ઊભી રહેલી. આ સાહેદના પુરાવામાં આરોપીની ઓળખ અને આરોપીની ગાડીનો નંબર પણ નિઃશંકપણે પુરવાર થાય છે. સાહેદ સ્પષ્ટપણે જણાવે છે કે, બનાવ બનતા આસપાસના માણસો અને કુટુંબીઓ પણ બનાવવાળી જગ્યાએ આવી ગયેલા, તે વખતે બનાવવાળી કારનો ચાલક પણ નીચે ઉતરેલો, જેને તેઓએ જોયેલ અને મોબાઈલના અજવાળામાં ગાડીનો નંબર પણ તેઓએ જોયેલો. અત્રે એ નોંધવું પણ આવશ્યક જણાય છે કે, બચાવપક્ષની સમગ્ર ઉલટ તપાસમાં બચાવપક્ષનો એવો બચાવ જ નથી કે બનાવ સમયે આ કામના આરોપી બનાવવાળું વાહન ચલાવતા જ ન હતા. બચાવપક્ષની સમગ્ર ઉલટ તપાસ જોતા તેઓનો બચાવ એવો જણાય છે કે, બનાવ કેવળ અકસ્માતના કારણે જ બનેલો અને તેમાં આરોપીની બેદરકારી ન હતી. અગાઉ નોંધ્યું તેમ બનાવમાં બનાવવાળી કારની સંડોવણી અને ચાલક તરીકે આ કામના આરોપીની ઓળખ નિઃશંકપણે પુરવાર થાય છે. વધુમાં ફરિયાદીના પુરાવાથી એવું સ્પષ્ટ પણે રેકર્ડ પર આવે છે કે, બનાવવાળી કાર મરણ જનાર સાથે અથડાયા બાદ મરણ જનાર કારની નીચે ફસાઈ ગયેલા અને ત્યારબાદ પણ આ કાર તરત ન રોકાતા, આશરે પચાસ ફૂટ દૂર ગયા બાદ રોકાયેલી. આ હકીકત બનાવ સમયે આરોપી ચલાવતા હતા તે કાર ઓવર સ્પીડમાં હતી અને બનાવ બન્યા બાદ આરોપી આ કાર તરત જ ઉભી રહે તે રીતે તેને નિયંત્રિત કરી શકે નહીં તેવું સૂચવે છે, જે ચાલકનું બેફામપણું સૂચવે છે. બેફામપણું અને બેદરકારીપૂર્વક એ બંને શબ્દોની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતામાં કરવામાં આવેલ નથી, આમ છતાં, બેફામપણું અને બેદરકારીપૂર્વક તે બંને શબ્દોમાં મળતાપણું હોવા છતાં એક તાત્વિક ભેદ પણ છે. બેદરકારીપૂર્વક એટલે કે એક સામાન્ય વ્યક્તિ પાસે જે અપેક્ષા રાખવામાં આવે તે રીતે વર્તવાનું તેવી વ્યક્તિ ચૂકી જાય તે કૃત્ય બેદરકારીપૂર્ણ ગણાય જ્યારે બેફામપણું એટલે કે જ્યારે એક સામાન્ય વ્યક્તિ પાસે જે વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે તેથી વિશેષ તે વર્તે ત્યારે બેફામ વર્તે છે તેમ કહી શકાય. જોકે ફરિયાદપક્ષનો કેસ જ્યારે એકમાત્ર નજરે જોનાર સાહેદના પુરાવા પર મહત્વની રીતે આધારિત હોય, ત્યારે અદાલતની તે ફરજ બને છે કે તે સાહેદના પુરાવાને અન્ય પુરાવાથી સમર્થનનું બળ પ્રાપ્ત થાય છે કે કેમ તે પણ કાળજીપૂર્વક ચકાશે. આ અંગે સ્થાનિક જગ્યાના પંચનામાનો પુરાવો કાળજીપુર્વક ચકાસવો જરૂરી બને છે.

**(૭.૭)** ફરિયાદપક્ષે સ્થાનિક જગ્યાનું પંચનામુ **આંક – ૩૦**થી રજૂ કરેલ છે. આ પંચનામામાં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે, બનાવવાળી જગ્યા આ કામના ફરિયાદીએ બતાવેલ છે. જે નેનપુર ચોકડીથી હલધરવાસ જતા રોડ ઉપર દાજીપુરા પાટીયાથી આશરે સો મીટર દૂર હલદરવાસ તરફ રોડની પશ્ચિમ કિનારીએ આવેલ છે. આ હકીકતથી ફરિયાદીના તે કથનને સમર્થન મળે છે કે, બનાવ સમયે તેઓ તથા મરણ જનાર રોડની સાઈડ ઉપર આવેલ કાચા રસ્તા પર ચાલીને જતા હતા. એવું પણ રેકર્ડ પર આવે છે કે, બનાવવાળી જગ્યા આ કામના ફરિયાદીએ જ બતાવેલી. પંચનામા મુજબ બનાવવાળી કાર જેનો રજી. નં.: જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ સ્થળ ઉપર નુકશાન થયેલ હાલતમાં પડેલ હોવાનો ઉલ્લેખ છે. મહત્વની રીતે પંચનામામાં એ હકીકત સ્પષ્ટપણે લખેલી છે કે, **“ગુનાવાળી જગ્યાથી હલધરવાસ તરફ ૫૦ ફૂટ દૂર રોડની દક્ષિણ કિનારી ઉપર રોડથી નીચે ઉતરતા વ્હીલમાર્ક જણાય છે.”** આ હકીકત પણ સ્પષ્ટપણે નિર્દેશ કરે છે કે, બનાવ બન્યા બાદ બનાવ વાળી કાર પચાસ ફૂટ દૂર સુધી

ઘસડાયેલ છે અને તે વ્હીલમાર્ક રોડથી નીચે ઉતરતા હોય તે દિશામાં જણાઈ આવે છે. આ હકીકત પણ ફરિયાદીએ તેઓની જુબાનીમાં આપેલ પુરાવાને મહત્વની રીતે સમર્થન આપે છે. એ પણ સ્પષ્ટ થાય છે કે, આ પંચનામુ તપાસ કરનાર અમલદાર દ્વારા બે પંચો અનુક્રમે પંકજભાઈ બાલાભાઈ ચૌહાણ અને અલ્પેશકુમાર બુધાભાઈ ચૌહાણનાઓની હાજરીમાં દોરવામાં આવેલ છે. આથી, આ પંચનામાની હકીકતો પંચો તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી પણ સાબિત થાય છે કે કેમ તે ચકાસવું ઘટે .

**(૭.૮)** ફરિયાદ પક્ષે **આંક – ૩૦**વાળા સ્થાનિક જગ્યાના પંચનામાના પ્રથમ પંચ **સાહેદ નં.: ૦૭**, **પંચ સાહેદ, પંકજભાઈ બાલાભાઈ ચૌહાણ**નાઓને **આંક – ૨૯**થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની જુબાનીમાં તેઓની હાજરીમાં સ્થાનિક જગ્યાએ થયેલ પંચનામાની હકીકત ને સંપૂર્ણ સમર્થન આપેલ છે. તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે પોલીસે તેઓને બનાવવાળી જગ્યાએ પંચ તરીકે બોલાવેલ અને જે જગ્યાએ અકસ્માત થયેલ તે સ્થળે ઈકો ગાડી નં.: જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ ઉભી હતી કે જેનો મેઇન કાચ તૂટી ગયેલ હતો અને આગળના પ્લાસ્ટિક અને ફાઇબર તથા કાચના ટુકડા રોડ ઉપર પડેલ હતા, રોડ ઉપર લોહીના ડાઘા હતા તથા બોનેટ ઉપર ગોબા પડેલ હતા. તેઓના જણાવ્યા મુજબ બનાવવાળી જગ્યાની ચતુર્દિશા સહિતનું વિગતવારનું પંચનામુ તેમની હાજરીમાં પોલીસે કરેલું. આંક – ૩૦વાળા પંચનામામાં તેઓએ તેઓની સહી ઓળખી બતાવેલ છે. સદરહું સાહેદે તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ ગાડીનું મોઢું પશ્ચિમ દિશા તરફ હતું. આ પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન આપેલ હોય, ફરિયાદપક્ષે આંક – ૩૦વાળા પંચનામાના બીજા સાહેદને ડ્રોપ કરવામાં આવેલ છે.

**(૭.૯)** હવે આ સંદર્ભે જ ત.ક.અ.નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદપક્ષે **સાહેદ નં.: ૦૮, ત.ક.અમલદાર, ધર્મેન્દ્રસિંહ ભગવતસિંહ રાઓલ**નાઓને **આંક – ૩૧**થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓના પુરાવામાં તપાસની વિગતો આપેલ છે અને પંચનામાના સંદર્ભમાં તેવો સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, તેમણે આ કામના ફરિયાદી તથા બે પંચો રૂબરૂ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલું, જે જગ્યાએ અકસ્માત કરનાર ઇકો ગાડી નં.: જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ રોડની કિનારી તરફ નુકશાન થયેલ હાલતમાં પડેલી હતી. બનાવવાળી જગ્યા નેનપુરથી હલધરવાસ તરફ જતા રોડ ઉપર મોદજ દાજીપૂરા પાટિયા પાસે આવેલ હતી. મહત્વની રીતે તેઓએ જણાવેલ છે કે, બનાવવાળી જગ્યાથી હલદરવાસ તરફ ૫૦ ફૂટ દૂર સુધી રોડની દક્ષિણ કિનારી ઉપર રોડની નીચે ઉતરતા વ્હીલમાર્ક જણાયેલા.

**(૭.૯.૧)** આ તબક્કે એ નોંધવું અસ્થાને નહિ ગણાય કે, આ હકીકત ફરિયાદીના આંક –૧૨થી પુરાવા, આંક – ૩૦થી રજૂ સ્થાનિક જગ્યાના પંચનામાની હકીકતો તથા આંક – ૨૯થી તપાસાયેલ પંચ સાહેદના પુરાવાને સંપૂર્ણપણે સુસંગત અને સમર્થનકારક છે. આમ, આ કામના ફરિયાદીનો આંક –૧૨થી રજૂ થયેલ વિશ્વસનીય પુરાવો, આંક – ૩૦થી રજૂ સ્થાનિક જગ્યાનું પંચનામુ, આંક – ૨૯થી તપાસાયેલ પંચ સાહેદની જુબાની તથા તે સંદર્ભે ત.ક.અમલદારની આંક – ૩૧થી જુબાની મુજબનો પુરાવો પરસ્પર સાથે રાખી વંચાણે લેતા, તે હકીકત સ્પષ્ટપણે પ્રતિપાદિત થાય છે કે, તા.: તા.: ૧૪ / ૦૧ / ૨૦૨૨ની રાત્રે આશરે પોણા આઠ વાગ્યાના અરસામાં આ કામના મરણ જનાર તથા આ કામના ફરિયાદી બનાવવાળા નેનપુરથી હલદરવાસ તરફ જતા રોડ ઉપર એકબીજાની આગળ પાછળ દસ મીટરના અંતરે ચાલીને જતા હતા, ત્યારે આ કામના આરોપી જ ચલાવતા હતા તે કાર નં.: જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ રોડની સાઈડમાં કાચા રસ્તા ઉપર ચાલતા મરણ જનાર પ્રકાશભાઈ સાથે અથડાયેલ અને પચાસ ફૂટ દૂર સુધી ગયા બાદ અટકી શકેલ. આથી જ બનાવવાળી કારના પચાસ ફૂટ સુધીના વ્હીલમાર્ક રોડની દક્ષિણ કિનારી ઉપર નીચે ઉતરતા હોય, તે રીતના સ્પષ્ટપણે જણાઈ આવેલ અને સ્થળ ઉપર પણ તે કાર નુકસાન થયેલી હાલતમાં મળી આવેલ છે. આ કાર આરોપી જ ચલાવતા હતા તે હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે, બલ્કે તે અંગે મહત્વની તકરાર પણ નથી. આ તબક્કે નામદાર ગુજરાત રાજ્યની વડી

અદાલત દ્વારા **Gujarat State Road Transport vs. Kamlaben Valjibhai Vora, (2001) 3 GLR 2528**ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો એવું ઠરાવેલ છે કે,

> **"13. It is, in reality, very difficulty to, precisely, define or quantify the concept of negligence or meaning of expression of negligence. However, in current forensic speech, negligence has three meanings. They are : (i) a state of mind, (ii) careless conduct and (iii) the breach of care or duty of a required standard. No doubt, all three meanings are applicable in different given fact situation and circumstances but any one of them does not necessarily exclude the other meanings.**
>
> **14. Negligence as a state of mind is, undoubtedly, the opposite of intention. An act is intentional when it is purposeful and done with either the desire or the object of producing a particular result. Whereas, any act is negligent when it is done thoughtlessly. It is either because of error of judgment or on account of mistake or wrong judgment. There is no intention in the element of negligence.**
>
> **15. Negligence is often used in the sense of careless conduct without reference to any duty to take care. The use of the term in this sense has introduced some confusion into the subject, and has tended to obscure the true meaning of negligence as a part of law of tort. When there is a duty to take care, the standard of care is, frequently, that of the reasonable man, although this is not always so, and consequently, failure to take reasonable care and negligence are sometimes used as synonymous terms regardless of whether or not there is any duty cast. Similarly, there is a thin line and distinction between expression 'tort' and 'wrong'. They are, also, at times, colloquially treated as synonyms.**
>
> **16. It would be appropriate to articulate the well known definition of Alderson insofar as expression "negligence" is concerned, which is very well expounded and propounded in Blyth v. Birmingham Waterworks Co., 1856 (11) Ex. 781.**
> **"Negligence is the omission to do something which a reasonable man, guided upon those considerations which ordinarily regulate the conduct of human affairs, would do, or doing something which a prudent and reasonable man would not do."**

**(૭.૯.૧.૧)** આમ, ઉપરોક્ત ચુકાદાના સિદ્ધાંતો, પંચનામાની હકીકત, પંચ સાહેદના પુરાવાને ફરિયાદીના પુરાવાની સાથે વંચાણે લેતાં, રોડની સાઇડ તરફ કાચા રસ્તા ઉપર ચાલતા મરણ જનાર પ્રકાશભાઈ સાથે ગાડી આરોપીએ અથડાવી દીધા બાદ પચાસ ફૂટ દૂર સુધી નિયંત્રિત થઈ શકેલ નહિ અને બ્રેક મારવા છતાં મરનાર ગાડીની નીચે ફસાયેલ હોવા છતાં પચાસ ફૂટ દૂર સુધી ઘસડાયેલ છે, તે હકીકત જ આરોપીનું બેફામ અને બેદરકારીપૂર્વકનું ડ્રાઈવિંગ નિઃશંકપણે દર્શાવે છે.

**(૭.૯.૨)** આ કામના ફરિયાદીએ તેઓની જુબાનીમાં એવો પણ પુરાવો આપેલ છે કે, અકસ્માતનો અવાજ સાંભળી આજુબાજુમાંથી તેઓના કુટુંબના માણસો દોડતા આવી ગયેલ અને તેઓ તથા સાહેદ ચિરાગભાઈ ફતેસિંહ ચૌહાણ તથા કિશોરકુમાર લાલસિંહ ચૌહાણનાઓ મરણ જનારને હોસ્પિટલે લઈ ગયેલ અને જ્યાં તેઓને મૃત જાહેર કરતા, લાશને મહેમદાવાદ સરકારી દવાખાને ખસેડવામાં આવેલ. આ સંજોગોમાં ઉપરોક્ત સાહેદ ચિરાગભાઈ ફતેસિંહ ચૌહાણ તથા કિશોરકુમાર લાલસિંહ ચૌહાણનાઓને પણ ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ છે ત્યારે તેઓનો પુરાવો પણ ધ્યાને લેવો જરૂરી બને છે.

**(૭.૧૦)** ફરિયાદપક્ષે **સાહેદ નં.: ૦૪, સાહેદ, ચિરાગસિંહ ફતેસિંહ ચૌહાણ**નાઓને **આંક – ૧૯**થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે એવો પુરાવો આપેલ છે કે, બનાવની સાંજે આશરે ૭ : ૪૫ વાગ્યે તેઓના ઘરની સામે રહેતા ફરિયાદી જીતેન્દ્ર કુમાર તથા મરણ જનાર પ્રકાશભાઈ તેઓના ઘરેથી ચાલતા દાજીપુરા પાટીયા તરફ ચાલવા નીકળેલા અને થોડીવારમાં અકસ્માત નો અવાજ આવતા તેઓ તથા આસપાસના માણસો બનાવવાળી જગ્યાએ ગયેલા અને જોયેલ કે એક ઇકો ગાડીની નીચે મરણ જનાર પ્રકાશભાઈ હતા અને જેથી આજુબાજુના ભેગા થયેલા માણસોએ આ પ્રકાશભાઈને ઈકો ગાડીની નીચેથી બહાર કાઢેલા અને જોયેલ તો આ પ્રકાશભાઈને માથામાં અને પગમાં ઈજા થયેલ હતી અને જેથી સારવાર માટે દવાખાને લઈ જવા ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ પરંતુ તે આવેલ નહીં, જેથી બીજા વાહનમાં વેદ હોસ્પિટલ લઈ ગયેલા અને જ્યાં ડોક્ટરશ્રીએ આ પ્રકાશભાઈ ને મૃત જાહેર કરતા, મહેમદાવાદ સરકારી દવાખાને તેઓને લઈ ગયેલા. તેઓએ ઇકો ગાડીનો નં.: જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ હોવાનું જણાવેલ. વધુમાં ફરિયાદ પક્ષે **સાહેદ નં.: ૦૩, સાહેદ, કિશોરકુમાર લાલસિંહ ચૌહાણ**નાઓને **આંક – ૧૮**થી તપાસવામાં આવેલ છે, જેઓએ પણ લગભગ સમાનપણે **આંક – ૧૯**થી તપાસવામાં આવેલ સાહેદના પુરાવા મુજબનો પુરાવો આપેલ છે.

**(૭.૧૧)** સદર કામે **આંક – ૨૧**થી ફરિયાદપક્ષે ઇન્કવેસ્ટ પંચનામુ રજૂ રાખેલ છે. આ પંચનામાના બંન્ને પંચો **અરવિંદભાઈ પ્રભાતસિંહ ચૌહાણ (ફ.સા.નં.: ૦૬)**નાઓને **આંક – ૨૮**થી તથા **સતિષભાઈ ભગાભાઇ ચૌહાણ (ફ.સા.નં.: ૦૫)**નાઓને **આંક – ૨૦**થી તપાસવામાં આવેલ છે. આ બંન્ને પંચો પૈકી પંચ સાહેદ સતિષભાઈ ભગાભાઇ ચૌહાણનાઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી, પરંતુ અન્ય પંચ સાહેદ અરવિંદભાઈ પ્રભાતસિંહ ચૌહાણનાઓએ તેઓના આંક – ૨૮ના પુરાવાથી ઇન્કવેસ્ટ પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે અને તેઓએ તેઓના પુરાવામાં જણાવેલ છે કે, તા.: ૧૫ / ૦૧ / ૨૦૨૨ના રોજ કલાક ૮ : ૦૦ વાગે પોલીસે તેઓને પંચ તરીકે મહેમદાવાદ સામૂહિક આરોગ્ય કેન્દ્રના પોસ્ટ મોર્ટમ રૂમમાં બોલાવેલ અને તેઓની હાજરીમાં પોલીસે વિગતવારનું લાશનું પંચનામું કરેલ અને લાશને તેઓની હાજરીમાં રઇજીભાઈ આત્મારામ ચૌહાણનાઓએ ઓળખી બતાવેલ, જે તેઓના દીકરા પ્રકાશકુમાર ઉર્ફે ભોલાની હોવાનું જણાવેલ. આ સાહેદે આંક – ૨૧થી રજુ પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે.

**(૭.૧૨)** સદર કામે **આંક – ૧૫**થી મરણ જનારની લાશનું પી.એમ.કરનાર, **તબીબ સાહેદ, ડૉ.મેઘાબેન કીર્તિકુમાર શાહ**નાઓને તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, તે સ્પષ્ટ થાય છે કે, મરણ જનારને માથા આગળના ભાગે ૪*૨ ઇંચ જેટલો કપાયેલો છુંદાયેલો ઘા હતો, ખોપરી તૂટેલી હતી તથા જમણા પગે ઓપન

ફ્રેકચરની ઈજા હતી, આંતરિક તપાસ દરમ્યાન માથામાં આગળના ભાગે ઇન્ટ્રાકેનિયલ હેમરેજ જણાયેલ, જેના કારણે મૃતકનું મૃત્યુ થયેલું. તેઓની જુબાની દરમ્યાન આંક – ૧૭થી પી.એમ.નોટ રજૂ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો મહત્વની રીતે પડકારવામાં આવેલ નથી. બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ પુરાવા ઉપર શંકા જાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી.

**(૭.૧૩)** અગાઉ ઉલ્લેખ કરેલ છે તેમ ફરિયાદપક્ષે પુરાવાના અંતે **સાહેદ નં.: ૦૮, ત.ક.અમલદાર, ધર્મેન્દ્રસિંહ ભગવતસિંહ રાઓલ**નાઓને **આંક – ૩૧**થી તપાસવામાં આવેલ છે, જેમણે તેઓએ કરેલ તપાસની સંપૂર્ણ વિગત આપેલ છે. અગાઉ સ્થાનિક જગ્યાના પંચનામા સંબંધે તેઓએ આપેલ પુરાવાની નોંધ કરવામાં હોઈ, તેનું પુનરાવર્તન આવશ્યક નથી. આમ છતાં, તે નોંધપાત્ર છે કે, આ સાહેદની જુબાનીમાં આંક – ૩૪થી બનાવવાળી કાર નં.: જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪નું આર.ટી.ઓ અધિકારી મારફતે પરીક્ષણનો અહેવાલ રજૂ થયેલ છે, જે સ્પષ્ટ રીતે સૂચવે છે કે, બનાવ સમયે બનાવવાળી વાહનની બ્રેક વર્કિંગ કન્ડીશનમાં હતી. સદરહું હકીકત પણ ફરિયાદીના વિશ્વસનીય પુરાવાને અત્યંત સમર્થક છે. આંક – ૩૩થી એફ.એસ.એલ.અધિકારી દ્વારા થયેલ સ્થળ પરિક્ષણનો અહેવાલ રજૂ થયેલ છે, જેમાં પણ એવુ સૂચવેલ છે કે, બનાવવાળી ગાડી ડ્રાયવરની વિપરીત બાજુએથી (ડાબી બાજુએથી) અથડાતાં ડાબી બાજુની હેડલાઇટ તથા બમ્પર તુટી ગયેલ છે. જે હકીકતે પણ ફરિયાદીની ફરિયાદ હકીકતને સમર્થન આપેલ છે કે, બનાવ સમયે ફરિયાદી તથા મરણ જનાર રોડની ડાબી બાજુએ કાચા રસ્તા ઉપર એકબીજાની આગળ પાછળ જતા હતા ત્યારે બનાવ બનેલો.

**(૭.૧૪)** આમ, રજૂ સમગ્ર પુરાવાઓને પરસ્પર સાથે રાખી વંચાણે લેતાં, સદરહુ બનાવ હાલના આરોપી જ ચલાવતા હતા તે ઇકો ગાડી નં.: જીજે – ૨૭ – ડીબી – ૪૦૦૪ના ચાલક એટલે કે હાલના આરોપીના બેફામ અને બેદરકારી પૂર્વકના વાહન ચલાવવાના કારણે જ બનેલ છે, જે બનાવમાં બનવામાં ફરિયાદી કે મરણ જનારની કોઈ બેદરકારી ન હતી કેમ કે બનાવ સમયે તેઓ રોડની ડાબી તરફના ભાગે આવેલ કાચા રસ્તા ઉપર એકબીજાની આગળ પાછળ ચાલીને જતા હતા ત્યારે આરોપીની ગાડી દ્વારા મરણ જનારને પાછળથી ટક્કર મારી, બ્રેક મારવા છતાં પચાસ ફૂટ દૂર સુધી ઘસડીને લઈ જવાથી માથામાં ગંભીર ઇજા થઈ અને ખોપરી ફાટી જવાના કારણે થયેલ હેમરેજ (આંતરિક રક્તસ્રાવ)ના કારણે મૃતકનું મૃત્યુ થયેલ છે. આ સંજોગોમાં, આરોપી સામે **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર થાય છે, તેવું અત્રેની અદાલતનું માનવું હોઈ, ત્યારે મુદ્દા નં.: **૦૧** નો નિર્ણય **" હકારમાં"** આપી, મુદ્દા નં.: **૦૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

**(૧)** આરોપી **સલીમભાઈ ફકીરમહંમદ મન્સૂરી, રહે :** હલદરવાસ, હજીયાત વગો, તા. મહેમદાવાદ, જી. ખેડાનાઓને **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હા સબબ **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૨૫૫ (૨)** મુજબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**(૨)** સજા અંગે બંન્ને પક્ષોને સાંભળવા સદર કામની કાર્યવાહી મુલતવી રાખવામાં આવે છે.

આજ તારીખ **૦૧**લી, માહે **એપ્રિલ,** સને **૨૦૨૬**નારોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :** મહેમદાવાદ
**તારીખ :** ૦૧ / ૦૪ / ૨૦૨૬

**દેવદત્ત વી. વ્યાસ**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
મહેમદાવાદ. (**જીજે૦૧૬૫૯**)

**-:: સજા અંગે સાંભળ્યા ::-**

**(૧)** સજાના મુદ્દે ઉભય પક્ષે રજૂઆતો સાંભળવામાં આવી.

**(૨)** સદર કામે આરોપી તરફે વિ.વ.શ્રી સી.એચ. ત્રિવેદી તરફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, આરોપી સ્થાનિક રહીશ છે, આરોપીનો કોઈ ગુન્હાઇત ઇતિહાસ નથી અને પરિવાર માટે તેઓ એકમાત્ર કમાનાર વ્યક્તિ છે. ગુન્હાનું સ્વરૂપ ધ્યાને લેતાં, અકસ્માત કરવાનો કોઈ ઈરાદો ન હતો પરંતુ કમનસીબે અકસ્માતનો બનાવ બનેલ છે. આ સંજોગોમાં આરોપીને રહેમરાહે પ્રોબેશનનો લાભ આપવા તેમજ ઓછામાં ઓછી સજા કરવા રજૂઆત કરેલ છે.

**(૩)** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તરફથી એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, રોજબરોજ બેફામ અને બેદરકારીપૂર્વકના વાહન ચલાવવાના કારણે અકસ્માતથી લોકોના મૃત્યુ થાય છે અને આવા બનાવો વધતા જતા હોઈ, ગુન્હાની ગંભીરતા તથા ગુન્હાના સ્વરૂપને ધ્યાને લઇ, ગુન્હાના પ્રમાણસર આરોપીને કાયદાકીય જોગવાઈ મુજબ પૂરેપૂરી સજા કરવા રજૂઆત કરેલ છે. વધુમાં, મોટર વ્હિકલ એક્ટની કલમ - ૨૨ મુજબ આરોપીનું લાયસન્સ સ્થગિત કરવા લાયસન્સિંગ ઓથોરિટીને યાદી કરવા હુકમ થવા વિનંતી કરેલ છે.

**(૪)** ઉભય પક્ષે રજૂઆતો તેમજ આરોપીના સંજોગો ધ્યાને લીધા. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Dalbir Singh Versus State Of Haryana, 2000 (0) AIJEL-SC 7175**ના ચુકાદામાં તેવું ઠરાવેલ છે કે, **"13.Bearing in mind the galloping trend in road accidents in India and the devastating consequences visiting the victims and their families, Criminal Courts cannot treat the nature of the offence u/s. 304-A, Indian Penal Code as attracting the benevolent provisions of sec. 4 of the PO Act.."** આમ, ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેતાં, ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ - ૩૦૪ (અ) મુજબના ગુન્હામાં પ્રોબેશનનો લાભ આપી શકાય નહીં. જોકે સજાનો હુકમ કરતા આરોપીની આર્થિક સ્થિતિ અને સંજોગોને નિશ્ચિંતપણે ધ્યાનમાં રાખવા જોઈએ. સદર કામે ગુંહાનું સ્વરૂપ અને ગંભીરતાને ધ્યાને લઈ, આરોપીને પ્રમાણસર સજા કરવાના અભિપ્રાય ઉપર આવું છું. સદર કામે આરોપીને ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ - ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ - ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે, આમ છતાં સજા કરતી વેળાએ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ - ૭૧ની જોગવાઈને પણ લક્ષમાં રાખી, નીચે મુજબનો આખરી હુકમ કરવો વ્યાજબી માનું છું.

**-:: આખરી હુકમ ::-**

**(૧)** આરોપી **સલીમભાઈ ફકીરમહંમદ મન્સૂરી, રહે :** હલદરવાસ, હજીયાત વગો, તા. મહેમદાવાદ, જી. ખેડાનાઓનેનાઓને **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ - ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ - ૧૭૭, ૧૮૪**મુજબના ગુન્હા સબબ **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ - ૨૫૫ (૨)** મુજબ તકસીરવાન ઠરાવી, **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ - ૭૧**ના પ્રાવધાનો વંચાણે લેતાં, મહત્તમ સજાની જોગવાઈ ધરાવતાં, **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ - ૩૦૪ (અ)**ના ગુન્હા સબબ **૧ વર્ષ (એક વર્ષ)**ની

સાદી કેદની સજા તથા **રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ન ભરે તો વધુ **૦૩ માસ**ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીને **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ –૩૬૩ (૧)** મુજબ સદર હુકમની પ્રમાણિત નકલ વિનામૂલ્યે તાત્કાલિક આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીના અગાઉના જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ **૦૧**લી, માહે **એપ્રિલ,** સને **૨૦૨૬**નારોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :** મહેમદાવાદ
**તારીખ :** ૦૧ / ૦૪ / ૨૦૨૬

**દેવદત્ત વી. વ્યાસ**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
મહેમદાવાદ. (**જીજે૦૧૬૫૯**)